# દેશમાં સૌથી પ્રતિષ્ઠિત સેવા, સ્ટેટસ સિમ્બોલ અને એટલી જ વગોવાયેલી લૉબી!

IAS અને IPS

વિકલ્પ
★ દીપક આશર



હરિયાણા કેડરના વરિષ્ઠ IPS અધિકારી વાય. પૂરણ કુમારે પોતાની સુસાઇડ નોટમાં અનેક IPS અને IAS અધિકારીઓ સામે ગંભીર આરોપો લગાવ્યા છે. નવ પાનાની સુસાઇડ નોટમાં તેમણે 15 અધિકારીઓના નામ આપ્યા છે, જેમાંથી કેટલાક હજુ પણ સેવામાં છે અને કેટલાક નિવૃત્ત છે. નોટમાં તેમણે આરોપ લગાવ્યો છે કે તેમને સતત જાતિ ભેદભાવ, જાહેર અપમાન અને ઈરાદાપૂર્વક માનસિક ત્રાસ આપવામાં આવ્યો હતો. અને નાછૂટકે તેમને અંતિમ પગલું ભરવું પડ્યું છે. આપણા દેશમાં IAS અને IPS સૌથી પ્રતિષ્ઠિત એટલે કે, સ્ટેટ્સ ગણાઈ છે, પણ માંહ્યલે બધું વગોવાયેલું છે. ભ્રષ્ટાચારથી લઈને લૉબીંગ સુધી અહીં અનેક આરોપો લાગી ચૂક્યા છે. દેશસેવાના નામે બીજી અનેક સેવા અહીં થઈ રહી છે.

પહેલાં એક દલિત IPSની કહાની, જેણે સુસાઈડ સુધીનું પગલું ભરવું પડ્યું છે!

7 ઓક્ટોબર, મંગળવારના રોજ IPS પૂરણ કુમારે ચંદીગઢના સેક્ટર-11 સ્થિત તેમના સત્તાવાર નિવાસસ્થાને આત્મહત્યા કરી હતી. પોલીસને તેમના ઘરેથી એક સુસાઇડ નોટ મળી આવી હતી. પોલીસ સૂત્રો મુજબ, સુસાઈડ નોટના પહેલા આઠ પાનામાં તેમણે વર્ષો સુધી તેમના પર થયેલા ત્રાસ, જાતિગત ભેદભાવ અને અપમાનનું વર્ણન કર્યું હતું. છેલ્લા પાનામાં એક વસિયતનામું હતું, જેમાં તેમની બધી જંગમ અને સ્થાવર મિલકત તેમની પત્ની, IAS અધિકારી અમનીત પી. કુમારને વારસામાં લખી આપી હતી. તેમની પત્ની અમનીત હાલમાં હરિયાણા સરકારના વિદેશ સહકાર વિભાગમાં કમિશનર અને સચિવ છે. ઘટના સમયે તેઓ હરિયાણાના મુખ્યમંત્રી નાયબ સિંહ સૈની સાથે જાપાનના પ્રવાસે હતા. પૂરણ કુમારે તેમની નોંધમાં જે અધિકારીઓનો ઉલ્લેખ કર્યો છે તેમાં મુખ્ય સચિવ અનુરાગ રસ્તોગી, DGP શત્રુઘ્ન કપૂર, ભૂતપૂર્વ મુખ્ય સચિવ ટી.વી.એસ.એન. પ્રસાદ, ભૂતપૂર્વ ACS (ગૃહ) રાજીવ અરોરા, ભૂતપૂર્વ DGP મનોજ યાદવ અને પી.કે. અગ્રવાલનો સમાવેશ થાય છે. નવ વરિષ્ઠ IPS અધિકારીઓના નામ પણ છે. આ અધિકારીઓ અમિતાભ ઢિલ્લોન, સંદીપ ખિરવાર, સંજય કુમાર, કલા રામચંદ્રન, રવિ કિરણના માતા, શિવ કવિરાજ, પંકજ નૈન, કુલવિંદર સિંહ અને રોહતકના SP નરેન્દ્ર બિજરનિયા છે.

પોતાની સુસાઈડ નોટના અંતિમ ફકરામાં પૂરણ કુમારે હરિયાણાના DGP શત્રુઘ્ન કપૂર અને SP નરેન્દ્ર બિજરનિયાનો સીધો ઉલ્લેખ કર્યો છે. તેમણે આરોપ લગાવ્યો છે કે DGP તેમની પ્રતિષ્ઠાને ખરાબ કરવા માટે તેમને બનાવટી કેસોમાં ફસાવી રહ્યા છે અને બિજરનિયાનો ઢાલ તરીકે ઉપયોગ કરી રહ્યા છે. તેમણે આગળ લખ્યું છે, બિજરનિયા સામેની મારી ફરિયાદને અવગણવામાં આવી હતી. હું હવે સતત જાતિ આધારિત ઉત્પીડન, સામાજિક બહિષ્કાર, માનસિક વેદના અને ત્રાસ સહન કરી શકતો નથી. તેથી, મેં આ બધું સમાપ્ત કરવાનો નિર્ણય લીધો છે. જેમ મેં આ નોંધમાં લખ્યું છે, ઉપરોક્ત IAS અને IPS અધિકારીઓએ ઉત્પીડનની બધી હદો વટાવી દીધી છે, અને હવે મારામાં તે સહન કરવાની તાકાત નથી. મારા અંતિમ પગલા માટે હું તેમને જવાબદાર માનું છું.

તેમણે આરોપ લગાવ્યો છે કે - તેમને વારંવાર એવા હોદ્દાઓ પર પોસ્ટ કરવામાં આવ્યા જે અસ્તિત્વમાં નહોતા, તેમની અરજીઓને અવગણવામાં આવી હતી, તેમનું જાહેરમાં અપમાન કરવામાં આવ્યું હતું અને ખોટી કાર્યવાહી દ્વારા તેમને હેરાન કરવામાં આવ્યા હતા. કુમારે લખ્યું છે કે આ બધી ક્રિયાઓએ તેમને આ આત્યંતિક પગલું ભરવા માટે મજબૂર કર્યા હતા. નોંધમાં તેમણે આરોપ લગાવ્યો હતો કે મંદિરમાં જવા બદલ પણ તેમને હેરાન કરવામાં આવ્યા હતા. તેમણે એમ પણ કહ્યું હતું કે તેમને તેમના મૃત્યુ પામેલા પિતાને જોવા માટે રજા આપવાનો ઈનકાર કરવામાં આવ્યો હતો. તેમણે આને એક જીવનમાં ક્યારેય ન ભરી શકાય તેવું નુકસાન ગણાવ્યું હતું. તેમણે લખ્યું કે તેમની વારંવારની ફરિયાદોને અવગણવામાં આવી, જેના કારણે જાતિ આધારિત દમનનો માહોલ સર્જાયો હતો.

પોતાની નોંધમાં પૂરણ કુમારે અન્ય ઘણા અધિકારીઓ સામે ઘણા ગંભીર આરોપો લગાવ્યા હતા. તેમણે લખ્યું હતું કે, ટી.વી.એસ.એન. પ્રસાદ (તત્કાલીન ગૃહ વિભાગના ACS) અને DGP શત્રુઘ્ન કપૂરે કથિત રીતે તેમના બાકી રહેલા પૈસા રોકી રાખ્યા હતા. કાલા રામચંદ્રને કથિત રીતે DGP વતી સોગંદનામું દાખલ કર્યું હતું, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે પંચકુલા ગેસ્ટ હાઉસ પહેલાથી જ અન્ય અધિકારીને ફાળવવામાં આવ્યું હતું, જેના કારણે તેમને સત્તાવાર રહેઠાણનો ઈનકાર કરવામાં આવ્યો હતો. DGPએ તેમના વાર્ષિક પ્રદર્શન મૂલ્યાંકન અહેવાલ (APAR)માં 'અયોગ્ય ટિપ્પણીઓ' કરી હતી અને તેમના વિશે ખોટી માહિતી ફેલાવી હતી. જ્યારે તેમણે RTI હેઠળ માહિતી માગી, ત્યારે અમિતાભ ધિલ્લોને કથિત રીતે તેમની સામે કાર્યવાહી કરી, તેમનું સત્તાવાર વાહન પણ જપ્ત કર્યું અને તેમના પગારની બચત પર પણ સવાલ ઉઠાવ્યા હતા. સંજય કુમારે કથિત રીતે તેમના સંબંધિત દસ્તાવેજો સાથે છેડછાડ કરી હતી. પંકજ નૈને કથિત રીતે DGP અને ધિલ્લોનના કહેવાથી તેમની સામે ખોટી ફરિયાદો નોંધાવી હતી. ગુરુગ્રામથી તેમની બદલી પછી, સંદીપ ખિરવાર અને શિવ કવિરાજે કથિત રીતે તેમની સામે ખોટા કેસ બનાવ્યા હતા. ભૂતપૂર્વ DGP મનોજ યાદવ અને ભૂતપૂર્વ ACS (ગૃહ) રાજીવ અરોરાએ તેમની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવા માટે દરેક શક્ય પ્રયાસ કર્યા હોવાનો આરોપ પણ લગાવ્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે યાદવે પોલીસ સ્ટેશનની અંદર આવેલા મંદિરમાં જવા બદલ તેમને હેરાન કર્યા હતા. તેમણે લખ્યું છે કે મનોજ યાદવ, પી.કે. અગ્રવાલ અને ટી.વી.એસ.એન. પ્રસાદ બેચમેટ હતા અને સાથે મળીને તેમને જાતિ આધારિત હેરાન કર્યા હતા. તેમણે લખ્યું કે તેમણે તત્કાલીન ગૃહમંત્રીને ફરિયાદ કરી હતી, પરંતુ કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. તેમણે એમ પણ લખ્યું છે કે તેમણે વર્તમાન મુખ્ય સચિવ અને તત્કાલીન ACS (ગૃહ) અનુરાગ રસ્તોગીને લેખિતમાં અત્યાચાર વિશે જાણ કરી હતી, પરંતુ તેમની ફરિયાદને અવગણવામાં આવી હતી.

8 નવેમ્બર, 2024ના રોજ IPS કુલવિંદર સિંહે કથિત રીતે તેમને ફોન કરીને ચેતવણી આપી હતી કે DGPએ એક પોલીસ અધિકારીને કાયમી ધોરણે દૂર કરવાનો આદેશ આપ્યો છે. બાદમાં તેમણે તેમને સાવચેત રહેવાની ચેતવણી આપી હતી. IPS અધિકારી રવિ કિરણની માતાએ, ભૂતપૂર્વ કેડર અધિકારી તરીકેની પોસ્ટિંગ દરમિયાન તેમના વિરુદ્ધ અપમાનજનક ભાષાનો ઉપયોગ કર્યો હતો, જેની તેમની પર ઊંડી અસર પડી હતી.

દરમિયાન, વાય. પૂરણ કુમારના પત્ની અમનીતે 8 ઓક્ટોબર, બુધવારના રોજ જાપાનથી પરત ફર્યા બાદ હરિયાણાના DGP શત્રુઘ્ન સિંહ કપૂર અને રોહતકના SP નરેન્દ્ર બજરાણિયા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. તેમણે આત્મહત્યા માટે જવાબદાર લોકો સામે કાર્યવાહી કરવા માટે હરિયાણાના મુખ્યમંત્રી સાથે પણ વાત કરી હતી. તેઓ ચંદીગઢના સેક્ટર 11 પોલીસ સ્ટેશન પહોંચીને પૂરણ કુમારની આત્મહત્યા માટે ઉશ્કેરણી કરનારા અધિકારીઓ સામે BNS, 2023ની કલમ 108 અને SC/ST (અત્યાચાર નિવારણ) અધિનિયમ હેઠળ FIR નોંધવાની માગ કરી હતી.

**પોતાની સુસાઇડ નોટના અંતિમ ફકરામાં પૂરણ કુમારે હરિયાણાના DGP શત્રુઘ્ન કપૂર અને SP નરેન્દ્ર બિજરનિયાનો સીધો ઉલ્લેખ કર્યો છે. તેમણે આરોપ લગાવ્યો છે કે DGP તેમની પ્રતિષ્ઠાને ખરાબ કરવા માટે તેમને બનાવટી કેસોમાં ફસાવી રહ્યા છે અને બિજરનિયાનો ઢાલ તરીકે ઉપયોગ કરી રહ્યા છે**

પૂરણ કુમારે અધિકારીઓના નામજોગ બીજા આક્ષેપો પણ કર્યા છે ને પોતાની કેવી રીતે કનડગત કરાતી હતી તેનો ચિઠ્ઠો ખોલી દીધો છે. પૂરણે આ અંગે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોમાં રજૂઆતો પણ કરેલી પણ કોઈ પરિણામ નહોતું આવ્યું. બલકે પરેશાન કરનારા અધિકારીઓને છાવરાતા તેથી એ બધા ફાટીને ધુમાડે ગયેલા.

પૂરણે મોતને વહાલું કરતાં પહેલાં આ વાતો લોકો સામે મૂકવાની જરૂર હતી ને સૌને ઉઘાડા પાડવાની જરૂર હતી. કમનસીબે પૂરણ એવી હિંમત ના બતાવી શક્યા પણ હવે તેમનાં પત્ની અમનીત કૌર પતિને ન્યાય અપાવવા મેદાને પડ્યાં છે. પૂરણ કુમારનાં પત્ની અમનીત કૌર શીખ છે અને IAS ઓફિસર છે. હરિયાણા સરકારના વિદેશ સહકાર બાબતોના વિભાગમાં સેક્રેટરી અને કમિશનર અમનીત કૌર 2001ની બેચનાં IAS અધિકારી છે. પૂરણ કુમાર 2001ની બેચના IPS અધિકારી હતા. બંને મસૂરીની લાલ બહાદુર શાસ્ત્રી નેશનલ એકેડમી ઓફ એડમિનિસ્ટ્રેશનમાં પહેલી વાર મળ્યાં ને પ્રેમમાં પડીને પરણી ગયાં હતાં.

પૂરણ કુમાર સામાન્ય પરિવારના હતા પણ અમનીત પોતે વગદાર પરિવારમાંથી આવે છે. અમનીતના પિતા બાબુ સિંહ ઈન્કમટેક્સ ઓફિસર હતા જ્યારે અમનીતનો ભાઈ, અમિત રતન પંજાબ વિધાનસભાની ભટિંડા ગ્રામીણ બેઠકનો ધારાસભ્ય છે. અમિતની પત્ની સનમીત કૌર 2007 બેચની નાગાલેન્ડ કેડરની IPS અધિકારી છે. સનમીત કૌર હાલમાં રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ (NCSC) માં ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ (DIGP) છે. 2022 માં સનમીતની પાંચ વર્ષના કાર્યકાળ માટે નિમણૂક થઈ હતી.

જો કે અમનીત પાવરફુલ છે તો સામે પણ પાવરફુલ લોકો છે. શત્રુજીત કપૂર તો પંજાબ પોલીસના વડા છે ને બીજા પણ સિનિયર પોલીસ અધિકારીઓ છે. એ લોકો પણ પાછલી જિંદગીમાં જેલમાં તળિયા તપાવવા પડે ને ધોળામાં ધૂળ પડે એવું ના જ ઈચ્છે તેથી નિર્દોષ છૂટવા માટે પૂરી તાકાત લગાવી જ દેશે. આ સંજોગોમાં અમનીત માટે ન્યાય માટેની લડાઈ સરળ નથી. અમનીત પોતે સરકારમાં છે અને પાવરફુલ IAS ઓફિસર છે તેથી આ લડાઈમાં તેમને પાડી દેવા માટે તેમની સામે આક્ષેપો થશે ને બીજા દાવપેચ પણ થશે જ.

અમનીતના જંગનું શું પરિણામ આવશે એ ખબર નથી પણ પૂરણ કુમારનો આપઘાત આપણી કલંક કથા છે તેમાં શંકા નથી. આ દેશમાં એક IPS અધિકારીને કહેવાતી નીચલી જ્ઞાતિનો હોવાના કારણે હડધૂત કરાતો હોય, તેની સાથે ભેદભાવ કરાતો હોય તો સામાન્ય દલિતોની શું હાલત હશે એ વિચારવાની જરૂર છે. અમનીત તો પતિ માટે લડી શકે છે કેમ કે IAS અધિકારી છે પણ પૂરણ જેવા તો કેટલાય મરી જતા હશે ને કોઈને ખબર પણ નહીં પડતી હોય. આઝાદીનાં 78 વર્ષ પછી પણ આ દેશ આવી સંકુચિત માનસિકતા સાથે જીવે છે ને પછાતપણામાં સબડે છે એ જોઈને ખરેખર આઘાત લાગે છે.

આ કિસ્સો પહેલો નથી. આવા અનેક કિસ્સા ભૂતકાળમાં બની ચૂક્યા છે. ભલે ઈન્ડિયન સિવિલ સર્વિસમાં બધા અધિકારીઓ આ પ્રકારના નથી, પણ ઘણા અધિકારીઓના લીધે આ લૉબી વારંવાર વગોવાઈ છે. અને ભ્રષ્ટાચારના કિસ્સાઓ કાઢવામાં આવશે તો લિસ્ટ બઉ મોટું છે. આ એવા કિસ્સા છે જે બહાર આવ્યા છે, બાકી અનેક કિસ્સા આ લોબીની તાકાત હેઠળ આજે પણ દબાયેલા છે.